

# ચિલોડા ચાર રસ્તે બજારો બે વાગ્યા બાદ સ્વૈચ્છિક બંધ રખાશે

કોરોના મહામારીએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર ગણાતા ચિલોડા જંકશન મથકના વિસ્તારમાં ધીમે ધીમે હોટસ્પોટ તરીકે પગ પેસારો કરતાં સ્થાનિકતંત્ર અને વેપારીઆલમ ચિંતાજનક સ્થિતિમાં મુકાયુ હતુ. ત્યારે ગાંધીનગર, દહેગામ, નરોડા, હિંમતનગર, સાદરાને જોડતા હાઈવે માર્ગને લીધે અહીંયા વાણિજ્ય પ્રવૃત્તિ-વેપાર-ધંધાને જોડતા હાઈવે માર્ગને લીધે અહીંયા વાણિજ્ય પ્રવૃતિ-વેપાર-ધંધા તથા અસંખ્ય લોકોની અવરજવરનું મુખ્ય પ્રવેશદ્વાર બન્યું છે. ત્યારે ચિલોડા પંથકમાં ૩જી જુન પછી દિન પ્રતિદિન કોરોના વાયરસ કોવિદ-૧૯ નું સંક્રમણથી જુદા જુદા વિસ્તાર, સોસાયટીમાં આજદિન સુધી દોઢ માસમાં ૧૫ થી વધુ પોઝીટીવ કેસો વધતાં ચિંતાજનક બાબત બની છે. ત્યારે આ સંક્રમણ અટકાવવા કોરોના મુક્ત ચિલોડા બને તેવા હેતુસર ચિલોડા સ્થાનિકતંત્ર અને જાગૃત વેપારી મંડળના પ્રતિનિધિઓની એક બેઠક મળી. જેમાં દરેક બજારના વેપારીઓ સાથે સુખદ સુલેહભર્યા નિર્ણયમાં સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી તા. ૨૩ જુલાઈથી ૫ મી ઓગષ્ટ એટલે ૧૩ દિવસ સુધી સ્વયંભૂ સ્વૈચ્છિક વેપાર-ધંધા એટલે દુકાનો બંધ રાખવાનો નિર્ણય લીધો હતો. ત્યારબાદ ચિલોડા કોરોના વાયરસના સંક્રમણના કેસોને નિયંત્રિત કરવું અતિ આવશ્યક બન્યું છે. ત્યારે ગ્રામજનો, વેપારીઓ, સ્થાનિકતંત્રની માગણી અને લાગણીને ધ્યાનમાં લેતાં ઘરમાં રહો સુરક્ષિત રહો સુત્રને સાર્થક કરવા ચિલોડા સમગ્ર બજાર સ્વૈચ્છિક બંધના નિર્ણયથી અશ્વમેઘ કોમ્પલેક્ષ, પ્રમુખ કોમ્પલેક્ષ, અક્ષર કોમ્પલેક્ષ, ચિલોડા મુખ્ય બજાર, હિંમતનગર, અમદાવાદ હાઈવેની દુકાનો બી.જે. કોમ્પલેક્ષના વેપારીઓએ ૨ વાગ્યા પછી બજાર બંધ રાખી સંપૂર્ણ ટેકો આપ્યો હતો. આ સ્વૈચ્છિક યોગ્ય બંધના નિર્ણયને આજે આવકારદાયક ગણાવતાં સૌએ વેપારીઓને બિરદાવ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



કોરોનાને કારણે નેતાજી બહાર નથી આવતા, એમણે તમારી સંભાળ માટે વરચ્યુલ સર્વે અભિયાન ચાલુ કર્યું છે...!!

## સમસ્ત બ્રહ્મ સમાજનો ઓનલાઈન જીવનસાથી પસંદગી મેળો યોજાશે

સપ્તપદી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ તથા સંબંધ સંસ્થાના સયુંક્ત ઉપક્રમે સમસ્ત બ્રહ્મસમાજના ગ્રેજ્યુએટથી વધુ અભ્યાસ ધરાવતા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે વિનામુલ્યે online જીવનસાથી પસંદગી સંમેલન નું આયોજન તા.૦૯/૦૮/૨૦૨૦, રવિવારે, સવારે:૧૦:૦૦ વાગે Google Meet એપ્લિકેશનના માધ્યમથી કરવામાં આવેલ છે. ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાનો બાયોડેટા અને ફોટો ઈમેલ : mdmodi09@ yahoo.com. કે વ્હાટ્સ અપ નંબર ૯૪૨૬૪૧૭૭૬૬ ઉપર અથવા ૫૫, ગ્રાઉંડ ફ્લોર, અજંતા કોમર્શિયલ સેન્ટર, ઈક્મટેક્સ, આશ્રમરોડ,અમદાવાદ ખાતે તા.૦૨/૦૮/૨૦૨૦ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

### ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારના

## પાંચ સેકટરોના ૫૪ ઘરોના ૨૪૪ વ્યક્તિઓને માઈક્રો કન્ટેન્ટેમન્ટ એરિયામાં સમાવેશ કરાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેકટર- ૨/સી, ૩/ડી, ૧૩/બી અને સી,સેકટર-૧૯ અને સેકટર- ૨૭ ના ૫૪ ઘરોના ૨૪૪ વ્યક્તિઓનો માઈક્રો કન્ટેન્મેન્ટ એરિયામાં ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનરશ્રીએ એક જાહેરનામું બહાર પાડીને સમાવેશ કર્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર શ્રી ડૉ. રતનકંવર ગઢવીચારણએ જાહેરનામામાં જણાવ્યું છે કે, હાલમાં સમગ્ર વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. અને ભારતમાં પણ કોવિડ-૧૯ ના કેસો નોંધાયેલા છે. જે બાબતે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા મહાનગરપાલિકા વિસ્તારમાં નોવેલ કોરોના વાયરસના પોઝિટીવ કેસો નોંધાયા છે, તેવા ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ સેકટર- ૨/સી, ૩/ડી, ૧૩/બી અને સી,સેકટર-૧૯ અને સેકટર- ૨૭ ના અમુક વિસ્તારને માઈક્રો કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યા છે.

જાહેરનામા મુજબ સેકટર- ૨ / સી ના પ્લોટ નંબર- ૧૪૯૨/ ૨, ૧૪૯૩/૧, ૧૫૦૧ થી ૧૫૦૩ મળી કુલ- ૮ ઘરોના અંદાજે ૩૬ વ્યક્તિઓ, સેકટર- ૩/ડીના પ્લોટ નંબર ૧૧૦૯ થી ૧૧૧૨ મળી કુલ- ૮ ઘરોના અંદાજીત ૩૭ વ્યક્તિઓ, સેકટર- ૧૩/સીમાં પ્લોટ નંબર- ૧૦૪૬ થી ૧૦૫૧ સુધીના ૧૨ ઘરોના ૫૩ વ્યક્તિઓ, સેકટર-૧૩/બીના ૯૯૨/૨, ૯૯૩/૨, ૯૯૪ થી ૯૯૭ સુધીના ૧૦ ઘરોના અંદાજે કુલ- ૪૫ વ્યક્તિઓ, સેકટર-૧૯ ના બ્લોક નંબર- ૨૭૭ થી ૨૮૦ ના કુલ-૮ ઘરોમાં રહેતા અંદાજીત ૩૭ વ્યક્તિઓ અને સેકટર- ૨૭માં પ્લોટ નંબર- ૧૨૫૩ થી ૧૨૬૦ સુધીમાં આવતા કુલ- ૮ ઘરોમાં રહેતા ૩૬ વ્યક્તિઓને માઈક્રો કન્ટેન્ટમેન્ટ એરિયામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## ધો-૩ થી ૧૨ના વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગ વિનામૂલ્યે ઓનલાઈન શિક્ષણ પૂરું પાડશે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૨૩

રાજયની ખાનગી અર્થાત સ્વનિર્ભર



શાળાઓમાં ભણતા ધોરણ ૩ થી ૧૨ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ઓનલાઈન શિક્ષણ આપવાનો શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આજે શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, સ્વનિર્ભર શાળાઓએ બાળકોને ઓનલાઈન શિક્ષણ નહીં ભણાવવાનો જે નિર્ણય લીધો છે તેવા સંજોગોમાં શિક્ષણ વિભાગ મુક પ્રેક્ષક કોઈપણ સંજોગોમાં ના બની શકે.

જ્યારે સ્વનિર્ભર શાળાના સંચાલકોએ આવો નિર્ણય લીધો છે ત્યારે ઉપરોક્ત ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર વિનામૂલ્યે ગુજરાતી કે અંગ્રેજી માધ્યમનું શિક્ષણ પૂરું પાડશે.

શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે આ સંદર્ભમાં જીસીઈઆરટી અને ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરીને આ અંગેની તૈયારીઓ તાકીદે શરૂ કરવા સૂચના પણ આપી દીધી છે.

શિક્ષણ મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે lockdown શરૂ થયું ત્યારથી આજ સુધીમાં ધોરણ ૯થી ૧૨ના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને બાયસેગ દ્વારા પ્રસારિત થતી વંદે ગુજરાત ચેનલના માધ્યમ ઉપરાંત ડીડી ગિરનાર અને યુટ્યુબના માધ્યમથી તથા ધોરણ ૩ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ગુજરાતી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની કામગીરી સફળતાપૂર્વક ચાલી રહી છે. હવે એ જ માધ્યમનો ઉપયોગ કરીને રાજ્ય સરકાર આ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શિક્ષણ આપીને સ્વનિર્ભર શાળાઓના નિર્ણયના સંદર્ભમાં રાજ્યના લાખો વિદ્યાર્થીઓનું શૈક્ષણિક હિત જોખમાવા નહિ દે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આજે બેટી બચાવો-બેટી પઢાઓ ટાસ્કફોર્સની બેઠક મળશે.
- ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતેથી આજથી સ્વૈચ્છિક લોકડાઉનનો આરંભ થયો છે જેને સારો પ્રતિસાદ સાંપડયો હતો.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા સ્ટ્રીટ વેન્ડરોને પ્રધાનમંત્રીની સ્વનિધિ સહાયની અરજીઓ સ્વીકારવાનો આરંભ કર્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સાંજે ઓફિખલાને લઈ મુલાકાતી અને કર્મયોગીઓ વચ્ચે શાબ્દિક ટપાટપી થઈ હતી.
- ગાંધીનગર શહેરમાં નવા ભળેલા વિસ્તારોમાં હજુ મનપાએ કોઈ જ કામગીરી શરૂ ન કરતાં ગ્રામજનોમાં ઉગ્ર રોષ ઉભો થતાં કલેકટરને રજુઆત કરવાનું ગ્રામજનો દ્વારા વિચારણામાં હોવાનું જાણવા મળેલ છે.

# શહેરમાં શિક્ષણ ફીના મામલે ઘેરાતો વિવાદ

## શાળાઓ ખૂલે ત્યારબાદ જ ફી લેવાના સરકારના નિર્ણયથી સર્જાયેલા વિવાદ સંદર્ભે ગાંધીનગરના શાળા સંચાલકો અને વાલીઓ મત જાણવાનો ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે

*ગાંધીનગર તા ૨૩*

*સ્વ નિર્ભર શાળાઓમાં ઓનલાઈન શિક્ષણ આજથી બંધ થઈ ગયુ છે. ગત એપ્રિલ મહીનાથી શાળાઓએ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવા માટે કમર કસવાનુ શરૂ કર્યુ હતુ કોરોનાના કપરા કાળમાં વિદ્યાર્થીઓ શિક્ષણથી દુર ન રહે તે માટે શાળા સંચાલકો તેમજ શિક્ષકોએ મહેનત શરૂ કરી દીધી હતી જયારે સરકારે પણ ઓનલાઈન શિક્ષણ આપવા માટે શાળાઓને પ્રોત્સાહીત કરી હતી જયારે હાલ આ મામલે સર્જાયેલી સ્થિતિ વચ્ચે વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ઓનલાઈન શિક્ષણના માધ્યમથી રચાયેલો સેતુ પણ પડી ભાંગ્યો છે. ઓનલાઈન શિક્ષણના માધ્યમથી આઉટ કમ સારુ જોવા મળતુ હતુ. પરંતુ સરકારે શાળાઓ વાસ્તવિક રીતે શરૂ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની ટયુશન ફી ન વસુલવા આદેશ કરતા શાળાઓએ હવે ઓનલાઈન શિક્ષણ પણ બંધ કર્યુ છે. કેટલાક શાળા સંચાલકોના મતે સરકારનો આ નિર્ણય વનસાઈડ છે. કોરોનાના કપરા કાળમાં બધી બાજુ વિચારી નિર્ણય કરવો જોઈએ. નગરના શાળા સંચાલકોએ આ અંગે પોતાનો મત રજુ કર્યો છે.*

### લર્નિંગ પ્રોસેસ ન અટકે તે અત્યંત અનિવાર્ય



કોરોનાના કપરા કાળમાં ગત એપ્રિલ મહીનાથી ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓ માટે લર્નિંગ પ્રોસેસ ન અટકે તે માટે વાલીઓ સાથે સંકલન કરી મહેનતના અંતે આ વ્યવસ્થા પાટે ચઢી છે. જયારે હવે શિક્ષકો પણ મહેનત કરી રહ્યા છે તેને અન્યાય થઈ રહ્યો છે. ઓનલાઈન શિક્ષણના આધારે આઉટકમ પણ સારુ મળે છે. કોરોનાના કપરા કાળમાં હાલ કોર્ટ કાર્યવાહી સહીત સમગ્ર વિશ્વ પણ ઓનલાઈન કાર્યરત છે. જયારે આ સ્થિતિને ૯૦ ટકા વાલીઓએ પણ સમજીને સ્વીકારી છે. ત્યારે સરકારનો આ નિર્ણય દુર્ભાગ્યપુર્ણ ઘટના છે.

**પ્રહર અંજારીયા, રંગોલી સ્કુલ**

• • •

### હોબાળો ન થાય અને ઓનલાઇન શિક્ષણ ચાલુ રહેવુ જોઇએ



સરકાર વિદ્યાર્થીઓને ગુણવત્તા સભર શિક્ષણ પુરુ પાડવા માટે વ્યવસ્થા કરતી નથી ત્યારે જે શાળામાં ગુણવત્તાયુકત શિક્ષણ આપવામાં આવે છે તેવી શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે પ્રથમ પસંદગી બની રહે છે. વાલીઓ અને શાળા સંચાલકો વચ્ચે કોઈપણ પ્રકારનુ ઘર્ષણ ન થાય તે માટે કોઈ ચોક્કસ નિર્ણય પર પહોંચવુ અનિવાર્ય છે. જેથી વિદ્યાર્થીઓનુ ભણતર પણ ન બગડે. કોઈપણ સરકારી સંસ્થાઓ આમ નાગરિકોને રાહત થાય તે માટે કોઈ સહાય કરતી નથી ત્યારે ખાનગી શૈક્ષણિક સંસ્થા પાસે જ કેમ અપેક્ષા રાખવામાં આવે છે. શિક્ષણના નામે હોબાળો ન થવો જોઈએ.ઓનલાઈન શિક્ષણ ચાલુ રહે તે જ વિદ્યાર્થીઓના હીતમાં છે. શિક્ષણની ગુણવત્તા શિક્ષકના હાથમાં હોય છે ત્યારે બધા પરિબળો ચકાસીને જ સરકારે નિર્ણય કરવો જોઈએ.

**રોહીત રાવલ, સહજાનંદ સ્કુલ ઓફ અચિવર**

• • •

### સરકારનો નિર્ણય વન સાઇડ છે



અમે આ બાબેત બહુ સ્પષ્ટ છીએ ઓનલાઈન શિક્ષણ તો ચાલુ જ રાખીશુ. શિક્ષણથી દુર રહેવુ તે વિદ્યાર્થીઓના હીતમાં નથી. પરંતુ સરકારનો આ નિર્ણય વનસાઈડ છે.શિક્ષકો અને સંચાલકો પણ દેશના નાગરિકો છે. ત્યારે બન્ને પક્ષે વિચારીને સરકારે નિર્ણય કરવો જોઈએ. સરકારી નિર્ણયમાં પ્રત્યેક નાગરિકનો વિચાર થવો જોઈએ. આ સ્થિતિ જોઈને લાગે છે કે સરકાર વન સાઈડ વિચારે છે.

**ઉમંગ વસાણી, ડાયરેકટર**
**સે-૨૩ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ**

• • •

### ઓનલાઇન શિક્ષણના આધારે હાલ દુનિયા ચાલે છે.. ત્યારે..



અત્યારે ઓનલાઈન શિક્ષણ માટે બહારની કંપનીઓ હજારો કરોડાના રોકાણ કરી રહી છે ત્યારે ગુજરાત સરકાર આને માન્ય ન ગણતી હોય તેવી સ્થિતિ છે. દુનિયા ઓનલાઈનની પાછળ છે.સરકાર ઓનલાઈન શિક્ષણના મામલે બેવડી નીતી અપનાવે છે. ત્યારે સરકારને શુ તકલીફ છે ખ્યાલ આવતો નથી કોરોના કાળમાં વિકલ્પ નથી ત્યારે વિદ્યાર્થીઓનુ શિક્ષણ બગડે તે પણ યોગ્ય નથી. સરકારનો નિર્ણય યોગ્ય નથી.અમેરિકન કંપનઓ ઓનલાઈન સર્ટીફિકેટ પ્રોગ્રામ શરૂ કર્યા છે. હાલ અન્ય મોટા કલાસીસો ઓનલાઈન શિક્ષણ જ આપી રહ્યા છે. વાલીઓ તોતિંગ ફી પણ ચુકવી રહ્યા છે. ત્યારે સરકારનો આ નિર્ણય યોગ્ય નથી.

**નયન ત્રિવેદી, વેદ ઇન્ટરનેશનલ સ્કુલ**

*કોરોનાને કારણે શાળા-કોલેજો બંધ રહેતા હાલ ઓનલાઈન શિક્ષણ ટ્રેન્ડમાં હતું ત્યારે હાલ જ સરકારના નવા નિયમ મુજબ ઓનલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. આ બાબતે વાલીઓના મત જાણીએ....*

### શાળાએ એજયુકેશન પુરતી જ ફી લેવી જોઈએ



શાળાની કુલ લેવાથી ફીમાંથી સાઈડ એકટીવીટીની ફી ન લેવી જોઈએ. એજયુકેશન પુરતી જ ફી લેવી જોઈએ. આમેય ભણાવવાના સમયમાં ઘટાડો થયો છે. ઘરમાં જ ઈન્ટરનેટનો ઉપયોગ થાય છે અને વાલીએ ઓનલાઈન કલાસીસ ચાલે એટલે બાળકની પાસે જ બેસી રહેવું પડે છે. રાઈટીંગ પાર્ટ પણ વાલીએ ઘરે જ કરાવવું પડે છે. આ મહેનત પેરેન્ટસની વધી છે અને ટીચર્સની ઓછી થઈ છે. એક વાલી તરીકે મારે ફી નથી ભરવી એવું નથી પણ શાળા દ્વારા જે એકસ્ટ્રા એકટીવીટીની ફી ઘટે તે મુજબના રેશીયોમાં ફીમાં ઘટાડો કરવો જોઈએ.

**- પૂજા સુચક**

• • •

### શાળા દ્વારા પચાસ ટકા ફી માફી આપવી જોઈએ



મારા મતે શાળા દ્વારા ૫૦ ટકા ફીઝ કરવી જોઈએ એક તો ઓનલાઈન શિક્ષણથી આંખો બગડે છે. ચશ્મા આવી જ ગ્યા છે. માતા પિતાએ સાથેને સાથે જ રહેવું પડે છે. છોકરાઓ ઈન્ટરનેટ યુઝ કરે છે એનાથી જોખમ એ વધી રહ્યું છે. શાળા ખુલે અને ત્યારે મુખ્ય મુદ્દા સમજાવી પરીક્ષા લઈ લે તો વાંધો ન આવે કારણકે ઘરે બાળક જોઈએ એટલું સમજી શકતા નથી. અત્યારે ફાઈનાન્શિયલી પ્રોબ્લેમ વાલી પણ ભોગવી રહ્યા છે આમાં વાલી બાળકોની ફ ભરે, હોમલોન ભરે કે ઘરના ખર્ચા પૂરા કરે?

**- ભૂમિ પટેલ**

• • •

### શાળા અને વાલીનો વ્યવહાર સારી રીતે ચાલી શકે તેવો નિર્ણય કરવો જોઈએ



ઓનલાઈન શિક્ષણ શાળા દ્વારા પુરું પાડવામાં આવે છે એના અનુસંધાનમાં વાલીએ જો તેમના પાસે આર્થિક સ્ત્રોત ચાલુ હોય તો વાલીએ ફી ભરવી જ જોઈએ પરંતુ જો આર્થિક આવક ચાલુ ન હોય તો વાલી શાળાને રજૂઆત કરી શકે અને શાલા દ્વારા પણ ફીમાં રાહત આપવી જોઈએ તોજ શાળા અને વાલીનો વ્યવહાર સારી રીતે ચાલી શકે.

**- દેવાંગ ઠકકર**

• • •

### શિક્ષકો અને વાલીઓ બંનેના હિતમાં કોઈ પણ નિર્ણય હોવો જોઈએ



મારા મતાનુસાર શિક્ષકો અને વાલીઓ બંનેના હિતમાં વિચારી મધ્યમ રસ્તો કાઢીને આ બાબતનો કોઈ પણ નિર્ણય કરવો જોઈએ. કારણકે હાલ વાલી, શિક્ષકો અને શાળા સંચાલકો એક સાથે આર્થિક રીતે મુશ્કેલીમાં છે.

**- દિવ્યેશભાઈ ગોહિલ**